


'ચકી લાવી ચોખાનો દાણો, ચકો લાવ્યો મગનો દાણો...બન્નેએ બનાવી ખીચડી...' બાળપણની આ વાર્તાનુ પાત્ર ચકલી હવે દુર્લભ બની જાય તેવા સંજોગો સર્જાયા છે. પક્ષી વિષે અને પર્યાવરણ સાથે સંકળાયેલાઓ ચિંતા વ્યકત કરી રહ્યા છે. વૃક્ષો ઘટતા જાય છે અને ઈમારતો ઉભી થતી જાય છે, ત્યારે આ નાનકડું ચકલીનું બચ્ચું લોખંડના માળખા પર નિઃસાસા નાંખી પ્રશ્ન કરી રહેલ છે કે, મારો માળો ક્યાં છે...?! અને માનવીઓ કહી રહ્યા છે આ ચકલીઓ તો હવે મોંઘેરી બનતી જાય છે. (ફોટો સૌજન્ય : મૂકેલ પંડિત - ઈશ્વરિયા)

# હાદાનગરમાં બ્લોકની કામગીરી અંગે તંત્રની બેદરકારીથી લોકોમાં નારાજગી

ભાવનગર, શુક્રવાર

ભાવનગરના હાદાનગર વિસ્તારમાં રોડમાં બ્લોક નાંખવાની કામગીરી અંગે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો છે.

ભાવનગર મહાપાલિકા દ્વારા શહેરના હાદાનગર વિસ્તારમાં આવેલા મેલડી માતાજીના મંદિરવાળા ખાંચામાં બ્લોક નાંખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ કામગીરીમાં યોગ્ય કાળજી રાખવામાં આવતી ન હોય સ્થાનિક નાગરિકોમાં રોષ પેદા થયો છે.

સ્થાનિકોનું કહેવું છે કે, બ્લોક નાંખવાની કામગીરી દરમિયાન રોડ લેવલ લેવામાં આવ્યું ન હોય બ્લોકને કારણે અન્ય સમસ્યાઓ સર્જાય તેવી શક્યતા છે.

મહાપાલિકા દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવી છે ત્યારે જવાબદાર અધિકારીએ કામગીરીનું જાત નિરીક્ષણ કરવું જોઈએ અને કામ વયસ્થિત થાય તે માટે જરૂરી મોનીટરીંગ કરવુંજોઈએ તેવી માંગણી કરવામાં આવી છે.

# આસામમાં પ્રચંડ વિસ્ફોટઃ ૪ જવાનના મોત, ૧૫ ઈજાગ્રસ્ત

## ઘાયલ જવાનો પૈકી ચાર ગંભીર : બંડખોરોનો હુમલો

ગુવાહાટી, શુક્રવાર

આસામના ગોલપારા જિલ્લામાં હોલમારીમાં શક્તિશાળી લેન્ડમાઈન વિસ્ફોટમાં સીઆરપીએફના ચાર જવાનોના મોત થયા છે. જ્યારે અન્ય ૧૫ જવાનો ઘાયલ થયા છે. જે પૈકી ચારની હાલત ગંભીર જણાવવામાં આવી છે. બંડખોરોએ લેન્ડમાઈન બ્લાસ્ટ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ સવારે ૮ વાગ્યાની આસપાસ બન્યો હતો. પ્રતિબંધિત નેશનલ ડેમોક્રેટીક ફ્રન્ટ ઓફ બોડોલેન્ડના બળવાખોરો દ્વારા આ હુમલો કરવામાં આવ્યો હતો. આશરે ૨૦ જેટલા સીઆરપીએફના જવાનો ભાંગફોડ વિરોધી ઓપરેશન બાદ બસમાં પરત ફરી રહ્યા હતા ત્યારે હુમલો કરવામાં આવ્યો હતો.

ભાંગફોડ વિરોધી ટ્રેનિંગ કેમ્પમાં હાજરી આપવામાં આવ્યા બાદ પરત ફરતી વેળા હુમલો કરાતા સીઆરપીએફના જવાનો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. સૂત્રોએ કહ્યું છે કે આ લેન્ડમાઈન બોમ્બ માર્ગની વચ્ચોવચ પ્લાન્ટ કરવામાં આવ્યો હતો. ગુવાહાટીથી ૧૩૦ કિલોમીટરના અંતરે સ્થિત ગોલપારા જિલ્લામાં વન્ય વિસ્તારમાં બનાવ બન્યા બાદ તરત જ સીઆરપીએફની અન્ય ટુકડી ઘટનાસ્થળે પહોંચ હતી.

# થાળા ગામના કૂવામાંથી કપાયેલો મૃતદેહ મળ્યો

## સિહોર તાબેના થાળા ગામે અવાવરૂ કુવામાંથી ચૂંદડી મળ્યા બાદ મહિલાનો કમરથી નીચેનો અડધો ભાગ મળી આવતા અનેક તર્ક-વિતર્કઃ હત્યા કે આત્મહત્યાના રહસ્યો સર્જાયા

ભાવનગર, શુક્રવાર

સિહોર તાલુકાના થાળા ગામની સીમમાં આવેલા કૂવામાંથી અડધી કપાયેલી માનવ લાશ મળી આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

સિહોર તાલુકાના થાળા ગામની સીમમાં આવેલા અવાવરૂ કુવામાં મહિલાની ચૂંદડી મળી આવતા આ કૂવાની અંદર મહિલા ડૂબી હોવાની આશંકા સાથે સિહોર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પોલીસે કૂવામાંથી પાણી ઉલેચીને તપાસ કરાવતા એક અજાણી મહિલાનો અર્ધો કપોલો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહનો કમરથી નીચેનો હિસ્સો મળી આવતા તેને ભાવનગરની સરકારી હોસ્પિટલમાં ખસેડી ડોકટરની પેનલ દ્વારા પોસ્ટ મોર્ટમ કરાવવામાં આવ્યું છે.

પોલીસ દ્વારા આ કૂવામાં તપાસ ચાલુ રાખવામાં આવી છે અને મૃતદેહનો બાકીનો હિસ્સો મળી આવ્યા બાદ ઓળખ થઈ શકે તેમ પોલીસનું માનવું છે.

કોહવાઈ ગયેલી હાલતમાં મળેલા મહિલાના મૃતદેહે અનેક રહસ્યો સર્જ્યા છે. આ મહિલાએ આત્મહત્યા કરી છે કે તેની હત્યા કરવામાં આવી છે તે બાબત કોયડો બની રહી છે.